# શેરીનાટકની રાજનૈતિકતા

**પ્રસ્તાવનાઃ**

આ અભ્યાસ-નિબંધનો વિષય છે- શેરી નાટકની રાજનૈતિકતા. શેરી નાટકની રાજનૈતિકતા એટલે શેરી નાટકની રાજનીતિ નહીં, પરંતુ શેરી નાટકનો રાજનૈતિક સંદર્ભ અને તેની અસરો. સૌ પ્રથમ આપણે આજના સંદર્ભમાં રાજ્યની ભૂમિકાનો આછો ચિતાર મેળવી લઈએ, કેમ કે આજે રાજ્ય જીવનના દરેક ક્ષેત્રમાં હસ્તક્ષેપ કરતું તથા તેને નિયંત્રિત કરતું, સૌથી વધુ મહત્વનું પરિબળ બની રહેલ છે. ત્યારબાદ શેરી નાટકની વિભાવના, તેની લાક્ષણિકતાઓ, સામાજિક-રાજકીય સાધન તરીકે તેના ઉપયોગો અને તેની અસરો, તથા અંતે ભારતના સંદર્ભમાં આજ સુધીની તેની દિશા અને ગતિ વિશે ચર્ચા કરીએ.

**રાજ્યની ભૂમિકાઃ**

આજે રાજ્ય- માણસના વ્યક્તિગત અને સામાજિક જીવનને ડગલેને પગલે અટકાવતું, નિયંત્રિત કરતું, પડકારતું દૃષ્ય અને અદૃષ્ય તંત્ર બની ચૂક્યું છે. શું રાજ્ય એના જન્મથી જ આટલું જટિલ, વિકટ અને ભૂલભૂલામણીની ભરમાર સમું રહ્યું છે? ઇતિહાસનો જવાબ છે- ના... સ્પષ્ટ ના. ઔદ્યોગિક ક્રાંતિ પહેલા એ સીધું, સરળ અને આરપાર જોઇ શકાય એવું હતું. માનવ વિકાસના શરુઆતમાં તબક્કામાં જ માણસે રાજ્યની જરુરિયાત અનુભવી હતી. તે સમયે તેનો હેતુ માત્ર સંરક્ષણનો હતો, ત્યારબાદ જેમ જેમ યુગો પલટાતા ગયા એમ એમ રાજ્યના હેતુઓ અને કાર્યો પણ પલટાતા ગયા. સામંતયુગમાં જ રાજ્ય શોષણ, અન્યાય અને જુલમના પ્રતીક તરીકે સ્થાપિત થઇ ચૂક્યું હતું. રાજ્ય તેના સ્વભાવથી જ હંમેશા સત્તાધારી વર્ગના હિતોનું પ્રતિનિધિત્વ કરતું રહ્યું છે, એટલે ઔદ્યોગિક ક્રાંતિ પછી અસ્તિત્વમાં આવેલ મૂડીવાદી યુગમાં પણ તેનાં આશયો એનાં એ જ રહ્યાં જે સામંતયુગમાં હતાં. ફક્ત ફેર એટલો જ પડ્યો કે વ્યવસ્થાની સાથે સાથે એના તંત્રની જટિલતા તથા સામાજિક નિયંત્રણ અને હસ્તક્ષેપ પણ વધુ દૃઢ અને અટપટા બન્યા.

ઔદ્યોગિક ક્રાંતિએ ઉત્પાદનનાં સાધનોમાં ધરમૂળથી ફેરફારો આણ્યાં; હાથશાળનું સ્થાન વિકરાળ રાક્ષસી ટેક્સટાઇલ મિલોએ લીધું અને લાકડાના હળનું સ્થાન સ્વંય સંચાલિત ટ્રેક્ટરે. પરિણામે ઉત્પાદન ઝડપી અને જથ્થાબંધ બન્યું, એણે બજારની જરુરિયાત પેદા કરી; વિકસીત માણસ બજારની શોધમાં નીકળ્યો, અને દુનિયા સંકોચાવા માંડી. સરવાળે પોતાની ઉત્પત્તિથી ઇ.સ.ની સોળમી સદી સુધીમાં માણસે જેટલી પ્રગતિ નહોતી કરી એનાથી અનેકગણી પ્રગતિ છેલ્લા સાડાત્રણ-ચાર દાયકામાં કરી.

આ બધાની રાજ્ય ઉપર સીધી અસર એ થઇ કે સમાજમાં તેની ભૂમિકા વધુ સંગીન અને સત્તાશાળી બની. માણસે શું પેદા કરવું, કઇ રીતે કરવું ત્યાંથી માંડીને ખેતરમાં લહેરોતો પાક કે મિલમાં વણાઇને તૈયાર પડેલું કાપડ કોને, કેટલું, કેવી રીતે મળશે તે નિશ્ચિત કરવા સુધીની સત્તા તેના હાથમાં સોંપાઇ ગઇ. અરે, જમીનો ઉપરાંત હિમાલય, ગંગા, નર્મદાના જંગલો જેવી કુદરતી સંપત્તિની માલિકી તેમજ વહેંચણી સુધ્ધા આજના રાજ્ય દ્વારા નિશ્ચિત થાય છે. ટૂંકમાં આજે સમગ્ર વ્યવસ્થાના રથનો સારથિ રાજ્ય છે, અથવા આધુનિક પરિભાષામાં કહીએ તો વ્યવસ્થાના વિમાનની તમામ કળો રાજ્ય નામના પાયલોટની આંગળીઓથી સંચાલિત થાય છે.

**શેરી નાટક એટલે શું?**

શેરીનાટક વિશે જાતભાતની વ્યાખ્યાઓ અને વિભાવનાઓ અસ્તિત્વમાં છે, કેટલાંક તો એને કલાના એક સ્વરૂપ તરીકે જ સ્વીકારવામાં તૈયાર નથી, કેટલાંક એને માત્ર પ્રચારિયો ઢોલ ગણે છે, કેટલાંક વિચારધારાથી લદાયેલું ખચ્ચર, તો કેટલાંક સમાજ પરિવર્તન માટેનું અનન્ય સાધન. આપણે પાયાગત પ્રશ્નથી જ શરુઆત કરીએ- શેરીનાટક કલાનું એક સ્વરુપ છે કે નહીં? રસશાસ્ત્ર અને સૌંદર્યશાસ્ત્રની મૂળભૂત શરતો સંતોષી શકે એવી કોઇપણ કૃતિ, કૃત્ય કે કાર્યને આપણે કલા તરીકે ઓળખીએ છીએ. શેરીનાટકમાં અનિવાર્ય રીતે રસાનુભૂતિ અને ચોક્કસ આકાર-આકૃતિ મોજૂદ હોવાથી એને કલાનું એક સ્વરૂપ ગણવું જ રહ્યું. બીજો પ્રશ્ન વિચારધારા તથા પ્રચારના સૂર કે ઘોંઘાટનો છે. ક્યા કલાસ્વરૂપમાં વિચારધારાનો પાયો નથી હોતો? કઇ કલા પ્રચારના આશય વિનાની છે? ક્યો કલાકાર પોતાના સમાજમાં પ્રવર્તમાન સંબંધો, વ્યવહારો, મૂલ્યો, રુઢિઓ, ઇતિહાસ કે સંસ્કૃતિથી પર રહીને સર્જન કરતો હોય છે? કલાકાર પોતે પોતાના સમાજનો એક અંશ નથી? આગળ ઉપર ‘એજિટ પ્રોપ’ના શીર્ષક નીચે આ પ્રશ્નોની થોડી વિગતે છણાવટ કરેલી હોવાથી હાલ અહીં જ અટકીએ.

ફરીથી મૂળ સવાલ ઉપર આવીએ, શેરીનાટક એટલે શું? નાટ્યસ્વરૂપની દૃષ્ટિથી જોઇએ તો, “સામે ચાલીને પ્રેક્ષકો પાસે જતું અને તેમની વચ્ચોવચ્ચ ભજવાતું નાટક”; કલાસ્વરૂપની દૃષ્ટિએ, “સામૂહિક કલાનું જીવંત સ્વરૂપ”; અનુભૂતિના સંદર્ભે, “પ્રેક્ષકોને હસાવવા, રડાવવા કે ચિંતનની પ્રક્રિયામાં મૂકવા કરતાં વધારે તેમને પીડવા, પડકારવા કે સંચારિત કરવા ધસતું નાટક”; સમૂહ સંચારના માધ્યમ તરીકે, “સીધું, સોંસરું, સસ્તું અને હાથવાગું માધ્યમ” તો વળી સાહિત્યિક પરિભાષામાં, “ઉપર આકાશ અને નીચે ધરતી વચ્ચે ખેલાતું નાટક”; અને છેલ્લે ઐતિહાસિક સંબંધમાં, “આધુનિક વ્યવસ્થાની વર્ગીય ચેતનાએ વિકસાવેલું સમાજવાદી સાધન”.

આ બધી જ વિભાવનાઓનો સરવાળો શેરીનાટકનું ચોક્કસ સ્વરૂપ તથા ગુણધર્મો, અને તેની અસરો તથા મર્યાદાઓ-વિશિષ્ટતોઓ અંકિત કરવામાં સહાયભૂત થઇ પડે એમ છે. શેરીનાટકની સામાન્ય વ્યાખ્યા કૈંક આ રીતે બાંધી શકાય- "આંદોલનમાંથી પેદા થઇ, આંદોલનમાંથી ગતિ મેળવતું તથા આંદોલનને ગતિ આપતું અને રંગભૂમિની લઘુત્તમ શરતોને સંતોષતું એક નાટ્યસ્વરૂપ".

આજના સંદર્ભમાં રાજ્યની ભૂમિકા અને શેરીનાટક વિશેની આટલી પ્રાથમિક પ્રસ્તાવના બાદ હવે આપણે શેરીનાટકની લાક્ષણિકતાઓ તરફ વળીએ.

**શેરીનાટકની લાક્ષણિકતાઓ:**

ઉપરોક્ત વિભાવનાઓ તથા વ્યાખ્યાના આધારે શેરીનાટકની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ આ પ્રમાણે તારવી શકાય.

**આંદોલનમાંથી પેદા થતું નાટ્યસ્વરૂપ:**

નાટ્યકલા તથા કલાના અન્ય તમામ સ્વરૂપોની જેમ જ શેરીનાટક પણ સમાજની સાંસ્કૃતિક જરુરિયાતમાંથી પેદા થયું છે. ફરક ફક્ત એટલો જ છે કે એને અસ્તિત્વમાં લાવવામાં સમાજના ચોક્કસ સમુદાયનો સંદર્ભ તથા એ સંદર્ભની અભિવ્યક્તિ(એ સંદર્ભનું આંદોલન) મોજૂદ હોવા જરુરી છે. સરળ રીતે કહીએ તો સમાજમાં પ્રવર્તમાન આંદોલન કે સંચેતનામાંથી જ તે જન્મ પામી શકે છે. આ કથનને વિગતે સમજવા આપણે શેરીનાટકના જન્મ સમયના સંજોગો ઉપર એક ઉડતી નજર નાંખી લઇએ.

પ્રસ્તાવનામાં રાજ્યની ભૂમિકાના સંદર્ભમાં આપણે જોયું કે ઔદ્યોગિક ક્રાંતિએ ઉત્પાદનના સાધનો અને તેના દ્વારા ઉત્પાદનનાં સંબંધોમાં આમૂલ પરિવર્તન આણ્યું. એટલે કે નવી અને આધુનિક સમાજ વ્યવસ્થા અમલમાં આવી. બજાર અને નફા ઉપર આધારિત આ વ્યવસ્થાએ વ્યક્તિગત સંપત્તિને સમાજના કેન્દ્રમાં લાવી દીધી, પરિણામે આખો સમાજ બે વર્ગોમાં વિભાજીત થવા માંડ્યો: મૂડીદાર અને શ્રમિક. ઝડપી વિકાસની આ નવી વ્યવસ્થાએ થોડાં જ વર્ષોમાં બે વર્ગો વચ્ચેની ભેદરેખા વધુ સ્પષ્ટ અને ઘાટી બનાવી દીધી; એને કારણે વર્ગીય ચેતના અસ્તિત્વમાં આવી. આ નૂતન ચેતનાએ સમાજનાં મૂલ્યો, રૂઢિઓ અને સંસ્કૃતિમાં પણ સમૂળું પરિવર્તન આણ્યું. મજૂર વર્ગ પોતાના અધિકારો અને અરમાનો માટે સંગઠિત થવા માંડ્યો, એમના સંગઠનોએ મજૂર આંદોલનોને જન્મ આપ્યો, અને એ આંદોલનોને એક એવા સાંસ્કૃતિક સાધનની જરૂર ઉભી થઇ જે એમના આંદોલનને સતેજ બનાવી શકે.

સ્વાભાવિક રીતે જ મજૂર વર્ગના આંદોલનનું સાધન એમની વર્ગીય વાસ્તવિકતાઓને અનુરૂપ જ હોવું ઘટે, એટલે કે તે- સસ્તું, હાથવગું, કલાની જટિલ આંટીઘૂંટીઓ વિનાનું હોવું જોઇએ. આ

ઉપરાંત ગરીબ અને નિરક્ષર જનતાને સંચારિત કરી શકે એવું પણ હોવું જોઇએ, તદ્ઉપરાંત સૌથી મહત્વનું તો એ કે તે એમના આંદોલનની હેતુ સિધ્ધિ માટે સીધી અને સોંસરી અસર ઉપજાવનારું હોવું જોઇએ. આ બધી અનિવર્યતાઓ ધ્યાનમાં રાખી, પરંપરાગત લોકનાટ્યોનો આધાર લઇ, મજૂર વર્ગે પોતાનું આગવું સાંસ્કૃતિક સાધન-શેરીનાટક- ઘડી કાઢ્યું. પોતાના આ ઇતિહાસને લીધે જ આજે પણ તે મજૂર અને ગરીબ વર્ગનાં વિશિષ્ટ લક્ષણો ધરાવે છે.

હવે આપણે સરળતાથી સમજી શકીશું કે તેના અસ્તિત્વ માટે આંદોલનું હોવું કેમ જરુરી છે. સમાજમાં પ્રવર્તમાન અલગ અલગ વર્ગો, ધર્મો, જાતિઓ કે અન્ય કોઇપણ અસમાનતા વિશે સાહિત્ય, નાટ્ય, શિલ્પ કે ચિત્રસર્જન થઇ શકે પણ શેરીનાટક ભજવવા માટે વિભિન્નતાની શરત પર્યાપ્ત નથી; તેની ભજવણી માટે એ વિભિન્નતાઓ વચ્ચેના આંતરવિરોધોમાંથી પ્રગટેલું આંદોલન-સંચેતના-હોવી એટલી જ જરૂરી છે. એક સાદા ઉદાહરણથી આ વિશે સ્પષ્ટતા કરી આપણે બીજી લાક્ષણિકતા ઉપર જઇએ. જેમ કે સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવો સદીઓથી અસ્તિત્વમાં છે, છતાં એ વિષયવસ્તુ સાથેના શેરીનાટકો આ સદીમાં જ અસ્તિત્વમાં આવ્યા. કેમ? કેમ કે સ્ત્રીમુક્તિની આધુનિક ચળવળે આ સદીમાં જ જોર પકડ્યું. એટલે કે પહેલાં સ્ત્રીમુક્તિની આધુનિક ચળવળ અસ્તિત્વમાં આવી, પછી એ સંદર્ભનું શેરીનાટક.

**આંદોલનમાંથી ગતિ મેળવતું નાટ્યસ્વરૂપઃ**

સ્વાભાવિક રીતે જ પોતાના અસ્તિત્વ માટે આંદોલનની અનિવાર્યતા અનુભવતી ચીજ, સ્વતંત્ર રીતે પોતાનું અસ્તિત્વ લાંબો સમય ન ટકાવી શકે; એને ગતિમાં રહેવા માટે આંદોલનની જરૂર પડે જ. આમ અદોલન એ શેરીનાટકનો પાયાગત આધાર હોવાથી એની ગતિ અને દિશા આંદોલનની ગતિ અને દિશાના આધારે જ નિશ્ચિત થાય છે. આંદોલનના બદલાતા જતાં તબક્કાઓ પ્રમાણે શેરીનાટકનું વિષયવસ્તુ પણ બદલાતું જાય છે. આ ઉપરથી આપણે એક હકીકત તારવી શકીએ કે જો આંદોલનનો અંત આવે તો આપોઆપ જ એ સંદર્ભના શેરીનાટકનો પણ અંત આવે. એક ઉદાહરણ વડે આ મુદ્દાને સ્પષ્ટ કરી એનું સમાપન કરીએ. દા.ત. સમાજમાં કોમી રમખાણો ચાલી રહ્યાં છે, અને તેની સામે શાંતિ તેમજ વર્ગીય એકતા કાયમ રાખવાના હેતુથી એક આંદોલન અસ્તિત્વમાં આવ્યું છે. હવે જેમ જેમ રમખાણો તીવ્ર બનશે તેમ તેમ શાંતિ અને એકતાનું અંદોલન પણ તીવ્ર બનશે, જેને પરિણામે આંદોલનના ભાગરૂપ રમખાણો શાંત થશે ત્યારે શાંતિ અને એકતાનું આંદોલન પણ શમી જશે; એની સાથે જ એ આંદોલનમાંથી જન્મેલ શેરીનાટક પણ પોતાની ગતિ ગુમાવવા માંડશે અને અંતે આંદોલનની સાથે જ ઓસરી જશે.

**આંદોલનને ગતિ આપતું નાટ્યસ્વરૂપઃ**

શેરીનાટક જેમ આંદોલનમાંથી ગતિ પ્રાપ્ત કરે છે તેમ સામે આંદોલનને ગતિ આપે પણ છે; કેમ કે એ હેતુ માટે તો એ પેદા થયું છે. તે આંદોલનના હેતુઓ અને વિચારધારાના પ્રચાર-પ્રસાર ઉપરાંત તે આંદોલનને ટેકેદારો તથા સક્રિય કાર્યકરો પણ મેળવી આપે છે. અહીં તેનો ઉપયોગ સમૂહ-સંચારના માધ્યમ જેવો હોય છે. સીધી સોંસરી ભાષામાં પ્રક્ષકો સાથે સંવાદ સાધી તે પ્રેક્ષકને તત્કાળ આંદોલન સંબંધી આ કે તે પક્ષ લેવા ઉશ્કેરે છે. આ ઉપરાંત તેની ભજવણી બાદ પણ તે પ્રેક્ષક સાથે વિગતવાર ચર્ચા સ્થાપિત કરવા ભૂમિકા પૂરી પાડે છે. આવી ચર્ચાઓ આંદોલનને દિશા અને ગતિ પૂરી પાડવા સહાયભૂત નીવડતી હોય છે. આમ પ્રેક્ષકોમાં પ્રચાર-પ્રસાર તથા પ્રક્ષકોના પ્રતિભાવો, બંને રીતે શેરીનાટક આંદોલનને ત્વરિત ગતિ અને ચોક્કસ દિશા માટે સાનુકૂળતા કરી આપે છે.

**અન્ય સ્વરૂપગત લાક્ષણિકતાઓઃ**

આપણા વિષયના સંદર્ભમાં અહીં શેરીનાટકની નાટ્યકલાના એક સ્વરૂપ તરીકેની કેટલીક વિશિષ્ટતાઓ વિશે આછી જાણકારી મેળવી લઈએ.

**પ્રેક્ષકોની વચ્ચે ભજવાતું નાટકઃ**

શેરીનાટક એક એવું નાટ્યસ્વરૂપ છે કે જેને જોવા-માણવા-નાણવા પ્રેક્ષકે નાટ્યગૃહ સુધી જવું પડતું, એ જાતે સામે ચાલીને પ્રેક્ષકો સુધી પહોંચે છે. તેની આ વિશિષ્ટતા પાછળનું મૂળ કારણ અગાઉ દર્શાવેલી ત્રણ લાક્ષણિકતાઓમાં સમાયેલું છે. તેનો જન્મ, તેનું અસ્તિત્વ તથા તેનો હેતુ આંદોલન સાથે અંતર્ગત રીતે વણાયેલા હોવાથી તેને માટે આમ વર્તવું ફરજિયાત બની જાય છે. વળી આપણે અગાઉ જોયું કે એ મજૂર સંસ્કૃતિની પેદાશ છે. મજૂર વર્ગ માટે તેમની વસ્તી કે તેમના શ્રમપ્રદાનની જગ્યાથી દૂર જવું પોસાય તેમ નથી હોતું. ભવ્ય રંગભવનો કે તોતિંગ આર્ટ-ગેલેરીઓ તેમની સંસ્કૃતિમાં ન સમાઇ શકે, અથવા તો એમ કહી શકાય કે આજની તેમની સંસ્કૃતિને એ અનુરૂપ નથી. આ ઉપરાંત જે આશયથી શેરીનાટક અસ્તિત્વમાં આવે છે એ આશય પ્રેક્ષકોની વચ્ચોવચ્ચ ભજવણી કરવાથી જ બર આવી શકે. એને તો વાસ્તવિકતાની નક્કર ધરતી અને અરમાનોનું ઉંચું આકાશ જ ખપે.

આનો અર્થ એ થાય કે આંદોલન સાથે સંબંધિત સમુદાય જ એનો પ્રેક્ષક વર્ગ બને. એ પ્રેક્ષક વર્ગ જ્યાં વધુમાં વધુ જથ્થામાં મળી શકે ત્યાં એ ભજવાય. એ જગ્યા- શેરી, ચોક, ચોરો, મેદાન, રસ્તો કાંઇપણ હોઇ શકે. હવે આ સ્થાનો એવાં છે જ્યાં પ્રેક્ષક કોઇપણ દિશામાંથી આવી શકે અથવા નાટક જોતો હોઇ શકે, એટલે એની રજૂઆત એ રીતે થવી જોઇએ કે જેથી ચોતરફનાં પ્રેક્ષકો એકસાથે, એક

સરખી રીતે એને માણી શકે, આ દષ્ટિએ તે તખ્તાના નાટક કરતાં નિરાળી અને કેંક અંશે લોક નાટ્ય જેવી લાક્ષણિકતા ધરાવે છે.

**લઘુત્તમ સાધનો દ્વારા ભજવાતું નાટકઃ**

નાટ્ય શૈલીનું લખાણ, અભિનય, સંગીત, નૃત્ય તથા સ્થાન-સ્થિતિ-રચનાનો ઉપયોગ તો શેરીનાટકમાં થાય જ છે, પરંતુ તે તમામ અન્ય નાટ્યસ્વરૂપો કરતાં ઓછાવત્તા અંશે અલગ પડે છે. એનું લખાણ પ્રમાણમાં મુફત, લચીલું અને સંજોગો અનુસાર ફેરફાર કરી શકાય એવું હોય છે. એની અભિનય શૈલી મુક્ત, બુલંદ અને પ્રતીકાત્મક હોય છે. એનું સંગીત જીવંત તથા ખાસ કરીને શરીરનાં અવયવો દ્વારા પેદા કરાતું હોય છે. વાદ્યોનો ઉપયોગ ઓછામાં ઓછી માત્રામાં થાય છે. નૃત્ય મોટેભાગે લોક શૈલીના ઠેકા અને ભંગિમાઓ વડે સર્જાયેલું હોય છે. સ્થાન-સ્તિતિ-રચના પ્રમાણમાં મુફત અને પરિસ્થિતિને અનુરૂપ સાદી, સીધી, સરળ હોય છે. રંગભૂષા અને વેશભૂષાનો ક્વાચિત પ્રતીકાત્મક રીતે ઉપયોગ થાય છે. મંચસજ્જા અને પ્રકાશ આયોજનને આ સ્વરૂપમાં કોઇ સ્થાન નથી.

આ તમામ પાછળલું મુખ્ય કારણ ફરીથી એજ કે એ ગરીબ વર્ગનું સાધન અને ગરીબ વર્ગની નીપજ છે. વળી એ જે જગ્યાઓ ઉપર રજૂ થાય છે ત્યાં રંગભૂમિ માટે જરूરી સાધન-સગવડો સરળતાથી ઉપલબ્ધ નથી હોતી. આંદોલનનું પ્રચાર માધ્યમ હોવાથી એને માટે ઝડપી ગતિશીલતા હોવી જરूરી છે. એક જગ્યાએ રજૂઆત આટોપી તરત અન્ય સ્થળે જવાનું હોય છે. જે અનુકૂળ જગ્યા મળે ત્યાં ભજવી લેવાનું હોય છે. એને માટે પ્રેક્ષકોની પ્રાપ્તિ સૌથી મહત્વની હોવાને કારણે તે પ્રેક્ષકોને અનુકૂળ સ્થાન પસંદ કરે છે; અને ખાસ તો જો લઘુત્તમ સાધનો હોય તો જ એ સસ્તું અને હાથવગું સાધન બની શકે છે.

સામાન્ય રીતે તે આંદોલનના હેતુથી ભજવાતુ હોવાથી મોટેભાગે કુશળ નાટ્ય લેખકો, દિગ્દર્શકો કે નટચમૂને બદલે તે આંદોલનમાં સક્રિય થયેલ કાર્યકરો ઉપર વધુ આધાર રાખે છે. સક્રિય કાર્યકરો-કલાકારો જ આંદોલનની દિશા અને ગતિથી સંપૂર્ણ વાકેફ હોય છે, તથા પ્રેક્ષકો સાથે હેતુપૂર્વકની ચર્ચા પણ કરી શકે છે. ક્યારેક આ કારણોસર શેરીનાટક કલાસ્વરૂપની દષ્ટિએ નબળું પડતું પણ જણાય છે.

**ઓછાં પ્રેક્ષકો, વધુ ચલનક્ષમતા(મોબિલીટી):**

ભજવણીના સ્થાનની મર્યાદાઓને કારણે એકસાથે સરેરાશ બસો-ત્રણસો પ્રેક્ષકો જ શેરીનાટક માણી શકે છે. પરંતુ બીજી તરફ એની ચલનક્ષમતા(મોબિલીટી) વધુ હોવાથી તે ઓછાં સમયમાં વધુ સ્થાનો પર રજૂ

થઇ શકે છે. વળી તે ખુદ પ્રેક્ષકો પાસે જતું હોવાથી તેને પ્રેક્ષકોની ખોટ પણ નથી વર્તાતી. આ ઉપરથી કહી શકાય કે આ પ્રકારનું નાટક વધુમાં વધુ પ્રેક્ષકો સુધી પહોંચવાની સક્ષમતા ધરાવે છે.

શેરીનાટકની આ લાક્ષણિકતાઓ તેના અસ્તિત્વ માટે આંદોલનની અનિવાર્યતાની તો પ્રતીતી કરાવે જ છે, પરંતુ સાથે સાથે શ્રમિક સંસ્કૃતિની વિશિષ્ટતાઓનું પણ પ્રતિબિંબ પાડે છે. હવે આપણે એના સામાજિક-રાજકીય સાધન તરીકે ઉપયોગો અને એની અસરો પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

**સામાજિક-રાજકીય સાધન તરીકે શેરીનાટકના ઉપયોગો અને તેની અસરો :**

બે, પાંચ, દસ, પચાસ, સો શેરીનાટકો કે પચીસ, પચાસ, સો, પાંચસો શેરીનાટ્ય પ્રયોગો સ્વતંત્ર રીતે પોતાની ખાસ કોઇ અસરો ધરાવતાં નથી. સામાજિક-રાજકીય તખ્તા ઉપર તે આંદોલનના માધ્યમથી જ અસરકારક પૂરવાર થઇ શકે. આનો અર્થ એ થાય કે આંદોલનની તીવ્રતા તથા દિશા વડે જ શેરીનાટકની અસરો માપી શકાય. આ સંદર્ભમાં તેનો મુખ્યત્વે બે પ્રકારે ઉપયોગ થાય છે- એજિટ પ્રોપ તરીકે તથા પ્રગતિશીલ મૂલ્યોના પ્રસ્થાપન માટે; આ ઉપરાંત તેના કેટલાંક અન્ય ઉપયોગો પણ છે.

(1) **'એજિટ પ્રોપ' તરીકે:**

'એજિટ પ્રોપ' એટલે એજિટેશનલ પ્રોપેગંડા - આંદોલનકારી પ્રચાર- કોઇપણ આંદોલન, સંચેતના, સંઘર્ષ કે ક્રાંતિને પોતાની વિચારધારા તથા પોતાનાં મૂલ્યોનો પ્રચાર કરવો અનિવાર્ય છે. પ્રચાર દ્વારા તે પોતાની સમજ આમજનતાના વિશાળ સમુદાય સુધી પહોંચાડે છે, જનતાનો ટેકો મેળવવા કોશિષ કરે છે, સક્રિય કાર્યકરો માટેની ભૂમિકા પૂરી પાડે છે તથા જનતામાં પોતાની વિચારધારા અંગે ચર્ચાઓ જગાવે છે; પરિણામે આંદોલનને વેગ તથા દિશાસૂચન પણ મળી શકે છે. આ પ્રકારના પ્રચાર માટે જ્યારે શેરીનાટક એક સાધન બને છે ત્યારે એમાં આંદોલનકારી પ્રચારનો ભાવ પણ ઉમેરાય છે. આંદોલનકારી એટલે -આંદોલન માટે ઉશ્કેરતું, આંદોલન માટે આવ્હાન આપતું. શેરીનાટકમાંથી આંદોલનાત્મક પ્રચારનો ભાવ અસકારક રીતે બહાર લાવી શકાય છે. એ પ્રેક્ષકને નિષ્ઠુર રીતે હલબલાવી નાંખે છે, ઉશ્કેરી મૂકે છે, હતાશ કરી નાંખે છે; બીજા શબ્દોમાં એ પ્રેક્ષકને પીડે છે. એને એવી નક્કર વાસ્તવિકતા ઉપર લાવી પટકે છે કે એ તત્કાળ તરફડવા માંડે છે, એનામાં રહેલી બંડની ભાવના ધસમસવા માંડે છે. અલબત્ત, એ તત્કાળ જેટલું અસરકારક નીવડે છે એટલું લાંબા ગાળે અસરકારક નથી પૂરવાર થતું. એ પ્રેક્ષકને ગહન ચિંતનની અવસ્થામાં નથી ધકેલી શકતું; છતાં એ પણ હકીકત છે કે તત્કાળ ઝંઝોડી જનાર શેરીનાટક પ્રેક્ષકના અજ્ઞાત મન ઉપર સંઘર્ષની એક અસર જરૂર છોડે છે. એટલે જ શ્રમિક સંસ્કૃતિનું આ માધ્યમ યૂરોપ-અમેરિકાના મજૂર આંદોલનો તથા 'સફ્રેજેટ મૂવમેન્ટ' જેવી સ્ત્રીમુક્તિ ચળવળો દરમિયાન બહોળા પ્રમાણમાં ઉપયોગમાં લેવાયું હતું.

સામાન્ય રીતે 'એજિટ પ્રોપ' શબ્દ અથવા તો પ્રચારના સાધનોને એક પ્રકારની સૂગથી જોવાતો-અનુભવાતો હોય છે. જાણે પ્રચાર એ કોઇ ગંદો, બિભત્સ કે ચીતરી ચઢે એવો શબ્દ ન હોય, ખરેખર પ્રચાર એ જો ખરાબ ચીજ હોય તો તો આપણા દરેક કલાસ્વરૂપ તથા સમૂહ-સંચારના માધ્યમને નકારી દેવા જોઇએ, કેમકે તે દરેક કોઇને કોઇ વિચારધારાનો પ્રચાર કરે જ છે. કોઇપણ કૃતિ એના ભાવકને માત્ર શુધ્ધ નીતરી રસાનુભૂતિ નથી કરાવતી, એના ચેતન-અચેતન ચિત્ત ઉપર કાઇને કોઇ વિચારધારા કે માન્યતાનો અંશ અંકિત કરે જ છે. તો પછી શેરીનાટક કે 'એજિટ પ્રોપ' પ્રત્યે જ આવી સૂગ કેમ? એને ભજવનારાં માત્ર કલાકારો જ નથી, આંદોલનકારો પણ છે- માટે? પરંતુ હકીકત તો એ છે કે દરેક કલાકાર એક યા બીજા સ્વરૂપે આંદોલનકાર હોય છે, કેમ કે તે સમાજનો, સંસ્કૃતિનો અનિવાર્ય અંશ છે. દરેક કૃતિમાં યેનકેન પ્રકારેણ એના કલાકારની માન્યતાઓ, મૂલ્યો, ઇતિહાસ, ગમો-અણગમો વ્યક્ત થાય જ છે. ટૂંકમાં, દરેક કલાકાર પોતાની વિચારધારાનો પ્રચારક હોય જ છે, પોતાની માન્યતાઓનો આંદોલનકર્તા હોય જ છે.

'એજિટ પ્રોપ' પ્રત્યેના અણગમાનું એક કારણ એ હોઇ શકે કે બુધ્ધિજીવીઓ, કલાકારો, સાહિત્યકારો સામાન્ય રીતે મધ્યમવર્ગમાંથી આવતાં હોવાથી શ્રમિક સંસ્કૃતિની આ કલાને નીચી સાબિત કરવા પ્રયત્નશીલ થતાં હોય! જો કે મધ્યમ વર્ગ શ્રમિક વર્ગનો ટોચનો વિભાગ છે, પરંતુ પોતાની પ્રતિષ્ઠા આડે આવતી હોવાથી અને માંદી માનસિકતાને કારણે મધ્યમવર્ગીઓ મૂડીવાદી સંસ્કૃતિથી સતત અભિભૂત રહેતા હોય છે, જેને કારણે એમનું સંપૂર્ણ વર્તન 'સવાઇ મૂડીવાદી' હોય છે. બીજું કારણ એ પણ છે કે શેરીનાટક પોતાના હેતુની સીધી અને સોંસરી રજૂઆત કરે છે, તે કશું પણ છૂપાવ્યા વિના બેધડકપણે તથા નિષ્ઠુરપણે પોતાની વાત મોંઢામોઢ કહી દે છે. 'કલા ખાતર કલા' ના ભ્રમમાં રાચનારાંઓને આવી રજૂઆત ખાટી છાશ કે ઉતરેલી કઢી જેવી લાગી શકે; પણ એમાં વાંક કોનો? એમની ભ્રમિત અવસ્થા, ખોખલી પ્રતિષ્ઠા ને માંદી માનસિકતાનો કે પછી સ્પષ્ટવક્તા શેરીનાટકનો?!

**(2) પ્રગતિશીલ મૂલ્યોના પ્રસ્થાપન માટેઃ**

મૂડીવાદી વ્યવસ્થામાં શેરીનાટક મોટેભાગે 'એજિટ પ્રોપ' તરીકે જ વપરાય છે. કેમ કે એ વ્યવસ્થામાં બહુમતી શ્રમિક પ્રજાનું અનેક રીતે શોષણ થતું હોય છે, એટલે પ્રજા સંઘર્ષ અથવા ક્રાંતિ દ્વારા હંમેશા મુક્તિ ઝંખતી હોય છે- સમાજવાદી શાસન ઝંખતી હોય છે. ધારો કે સમાજવાદી પરિબળોએ રાજકીય સત્તા હાંસલ કરી લીધી, પણ એથી કાંઇ રાતોરાત સમાજમાં સમાનતાનાં સંબંધો સ્થાપિત નથી થઇ જતાં. રાજકીય સત્તા હાંસલ કર્યા પછી, બીજા તબક્કામાં મોજૂદ વિવિધતાઓ વચ્ચેના આંતર્વિરોધોનું શમન કરવા તથા નૂતન, પ્રગતિશીલ મૂલ્યો સ્થાપવા એક નવું જ ક્રાંતિકારી આંદોલન ચલાવવું પડે છે. આ આંદોલન માટે પણ શેરીનાટક 'એજિટ પ્રોપ' જેટલું જ અસરકારક સાધન પૂરવાર

થઇ શકે. આ સદીની મહાન રશિયન ક્રાંતિ પછી તરત જ રશિયન પ્રજાએ સમાજવાદી સમાજરચના પ્રચાર તથા મૂલ્યો સ્થાપિત કરવા માટે જે સઘન આંદોલન ચલાવ્યું, એમાં શેરીનાટકે એક મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી. રશિયા તથા યૂરોપના ગરીબ સર્વહારા વર્ગે શેરીનાટકના આ સર્જનાત્મક ઉપયોગને ખોબલે-ખોબલે વધાવી લીધો. એના માધ્યમ દ્વારા રશિયન સર્વહારોઓએ પોતાનો વિજય-સંદેશ તથા પોતાની વિચારધારાનાં નૂતન મૂલ્યોનો પ્રચાર યૂરોપના ખૂણે ખૂણે તથા છેક અમેરિકા સુધી કરી દીધો. આ ઘટનાએ સાબિત કરી દીધું કે શેરીનાટક ‘એજિટ પ્રોપ’ તરીકે જેટલું અસરકારક સાધન છે, એટલી જ અસરકારક રીતે સર્જનાત્મક સાધન પણ છે.

મૂડીવાદી તંત્રમાં પણ કેટલીક ચોક્કસ પરિસ્થિતિ વખતે શેરીનાટકનો સર્જનાત્મક ઉપયોગ થઇ શકે છે. ખાસ કરીને પ્રતિક્રિયાવાદી આંદોલનોનો સામનો કરવા માટે તેનો બહોળો ઉપયોગ થતો હોય છે. જાતિવાદી વિગ્રહો, કોમી રમખાણો, અનામત તોફાનો, વગેરે દરમિયાન શ્રમિક વર્ગની એકતા ટકાવી રાખવા તથા સમાજમાં પરસ્પર પ્રેમ, શાંતિ અને બિરાદરીનાં મૂલ્યો પ્રસ્થાપતિ કરવા શેરી નાટક અનન્ય સાધન બરી રહે છે. અલબત્ત, પ્રતિક્રિયાવાદી ઘર્ષણો જેમ જેમ શાંત પડતાં જાય તેમ તેમ આવાં શેરીનાટકોની અસરકારકતા પણ ઘટતી જાય છે.

(3) **અન્ય ઉપયોગોઃ**

સામાજિક-રાજકીય દૃષ્ટિએ શેરીનાટકનાં કેટલાંક અન્ય ઉપયોગો પણ છે. જો કે ઉપરોક્ત હેતુઓ જેટલી તીવ્ર અસરકારકતા એ ઉપયોગો વડે નથી ઉપજાવી શકાતી, પરંતુ નીચે જણાવેલ કેટલાક હેતુઓ બર લાવવા માટે મૂડીવાદી તંત્ર આજકાલ એનો છૂટથી ઉપયોગ કરી રહ્યું છે.

**<u>રાજ્ય દ્વારા ઉપયોગઃ</u>** એબ્સર્ડ જરૂર લાગે છે, પરંતુ ઘણીવાર રાજ્ય પોતાના પ્રચાર માટે શેરીનાટકનો ઉપયોગ કરે છે. આપણા દેશમાં દક્ષિણના એક રાજ્યમાં પોલિસદળે પોતાનું આગવું શેરીનાટ્ય જૂથ ખડું કર્યું છે. વિવિધ પ્રદેશનાં માહિતી વિભાગો પણ રાજ્યની નીતિઓ તથા કાર્યક્રમોનો ગામડાંઓમાં પ્રચાર કરવા માટે શેરીનાટકોનો ઉપયોગ કરે છે. જો કે આ બાબતે તે અન્ય પ્રચાર માધ્યમો કે કલા સ્વરૂપો જેટલું અસરકારક સિધ્ધ નથી થઇ શકતું, કેમ કે આવા પ્રચાર વખતે તેની હાલત મદારીના સાપ જેવી હોય છે! એનો ફૂંફાડો માત્ર મનોરજંનનું સાધન બની જાય છે. આની પાછળનું મુખ્ય કારણ મૂડીવાદી તંત્રનાં ખોખલાં અને પ્રજાવિરોધી મૂલ્યોના પ્રચારનું છે. આપણે અગાઉ જોયું જ કે રશિયામાં ક્રાંતિ પછીના તબક્કામાં રાજ્ય પ્રેરિત પ્રગતિશીલ મૂલ્યોના પ્રચાર માટે શેરીનાટક અત્યંત સફળ સાધન પૂરવાર થયું હતું. હા, એટલું ચોક્કસ છે કે ગરીબ-નિરક્ષર જનતાને એ સાવ પોતાનું સાધન લાગતું હોવાથી એની થોડીઘણી અસર કોઇપણ તંત્રમાં થાય જ છે.

**સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ઉપયોગઃ** રાજ્ય અથવા સ્થાપિત હિતો પ્રેરિત સ્વૈચ્છિક સંગઠનો પણ વર્તમાન સ્થિતિને ટકાવી રાખવા તથા મજબૂત કરવાના હેતુથી વિવિધ પ્રકારના પ્રચારનું કાર્ય કરે છે. આ પ્રચાર માટે તેઓ અન્ય સાધનોની સાથે શેરીનાટકનો પણ ઉપયોગ કરે છે. આવાં શેરીનાટકો ઘણાં અંશે પ્રભાવક નીવડી શકે છે. તેની પાછળનું એક કારણ કુશળ કલાકારોની સામેલગીરીનું છે. વળી આવી સંસ્થાઓ પાસે પ્રમાણમાં ઠીક ઠીક નાણાંકીય અને અન્ય સાધનો હોવાથી તેમને કુશળ કલાકારો પ્રમાણમાં સરળતાથી મળી રહે છે. કેટલીક વાર મુખ્ય પ્રવાહના આંદોલનનો અભાવ પણ આવાં શેરીનાટકોની સફળતા માટે જવાબદાર બને છે. સિંહને અસલ મજાજમાં ન જોઇ શકનાર પ્રજા, પાંજરે પૂરાયેલા સિંહને જોઇને પણ સંતોષ માનતી હોય છે, એમાં ગરીબ પ્રજાનો કોઇ દોષ નથી હોતો. આ ઉપરાંત એક મહત્વની વાત એ પણ છે કે આવાં સ્વૈચ્છિક સંગઠનો પોતાના કાર્યક્ષેત્રના વિસ્તારમાં શેરીનાટકો રજૂ કરે છે, એટલે એમના પ્રગતિશીલ દેખાતા કાર્યોની પ્રજા માનસ પર પડેલ છાપ પણ શેરીનાટકને સફળ બનાવવામાં ઉપકારક નીવડે છે.

**ચૂંટણી ટાણે ઉપયોગઃ** ચૂંણીલક્ષી દેશો અને પ્રદેશોમાં રાજકીય પક્ષો તથા સંબંધિત જૂથો પોતાના ઉમેદવારોને વિજયી બનાવવાના પ્રચાર માટે શેરીનાટકોનો છૂટથી ઉપયોગ કરે છે. પ્રજા ઉપર છવાયેલું ચૂંટણીનું વાતાવરણ આ શેરીનાટકોને ઘણાં અંશે સહાયભૂત નીવડે છે. મૂડીવાદી વ્યવસ્થામાં પૈસો, પ્રતિષ્ઠા અને વચનોના જોર પર જ ચૂંટણીઓ કેન્દ્રિત હોવાથી આ મનોરંજક સાધન સસ્તું અને ઉપયોગી પ્રચાર માધ્યમ સિધ્ધ થઇ શકે છે. કેટલાંક સુધારાવાદી તત્વો ચૂંટણી ટાણે યોગ્ય ઉમેદવારને જ ચૂંટવાનો સંદેશો આપતાં શેરીનાટકો ભજવે છે. જો કે તેની અસરકારકતા સાવ અલ્પ હોય છે, કેમ કે તે વખતે સામાન્ય રીતે યોગ્ય ઉમેદવારને જ ચૂંટવા માટેની પ્રભાવશાળી ઝુંબેશનો અભાવ હોય છે. વળી વર્તમાન વ્યવસ્થામાં પ્રજા માત્ર શેરીનાટકથી પ્રભાવિત થઇ યોગ્ય ઉમેદવારને જ ચૂંટશે એમ માનવું મૂર્ખામીભર્યું છે.

આ ચર્ચાના સમાપનમાં એટલું જ કહેવું છે કે સામાજિક-રાજકીય સ્તરે ચાલતા વિદ્રોહી કે સર્જનાત્મક આંદોલનને શેરીનાટક પ્રભાવક ગતિ અને દિશા પૂરી પાડી શકે છે. પરંતુ શેરીનાટક એ શ્રમિક સંસ્કૃતિનું આગવું સાધન છે, એટલે તે એ વર્ગને ઝડપથી અસર કરી શકે છે. વળી ગમેતેમ તો પણ એ માત્ર સાધન છે, એટલે એનો કોણ, કેવી રીતે અને કેવો ઉપયોગ કરે છે, એ એની અસરકારકતા માટે મહત્વનાં માપદંડ બની રહે છે. જો સ્થાપિત હિતો અને પ્રતિક્રિયાવાદીઓ એનો ઉપયોગ કરે તો ગરીબ જનતા માટે તે હાનિકારક સિધ્ધ થઇ શકે છે, અને પ્રગતિશીલ ક્રાતિકારીઓ ઉપયોગ કરે તો શ્રમિક જનતાનું હિત અસરકારક રીતે સાધી શકાય છે.

**ભારતમાં શેરીનાટકનો ઈતિહાસ અને વર્તમાન પરિસ્થિતિઃ**

ભારતમાં શેરીનાટકનું આગમન આ સદીની શરુઆત પછી થયું. આઝાદીની ચળવળ જેમ જેમ બળવત્તર બનવા માંડી તેમ તેમ શેરીનાટક પરંપરાગત લોકનાટ્યના કાચલામાંથી બહાર આવતું ગયું, પોતાનું આગવું સ્વરૂપ ધારણ કરતું ગયું. ક્રાંતિકારી પરિબળોએ પી.ડબ્લ્યુ.એ. (પ્રોગ્રેસિવ રાઇટર્સ એસોશિએશન) તથા ‘ઇપ્ટા’ (ઇન્ડિયન પીપલ્સ થિએટર) ની સ્થાપના કરી પછી તો શેરીનાટ્ય ઝડપથી પ્રસરવા માંડ્યું. પરંતુ 1942માં આ પરિબળોએ જનતાને છેહ દીધો અને એના વળતાં પાણી થયાં, એની અસર શેરીનાટ્ય પ્રવૃત્તિ ઉપર પણ પડી. આઝાદી મળતા સુધી લગભગ આ જ સ્થિતિ કાયમ રહી. આ પૂર્વભૂમિકા ઉપરથી સમજી શકાય છે કે આ સદીના પૂર્વાર્ધ સુધી ભારતમાં શેરીનાટકે રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવામાં એક હદ સુધી પ્રમાણમાં ઠીક ઠીક ફાળો આપ્યો. આઝાદી આવતા સુધીમાં તેણે સામાજિક-રાજકીય સાધન તરીકે પ્રજાની માન્યતા પણ મેળવી લીધી હતી.

આઝાદી પછીનો લગભગ દોઢ દાયકો કોઇ મહત્વના અંદોલન વિના જ પસાર થયો. રશિયાની જેમ સ્વાતંત્ર્યની ચેતનાને સાચા સ્વતંત્ર્ય તરફ દોરી જવામાં દેશનાં પ્રગતિશીલ પરિબળો નિષ્ફળ ગયાં. તેલંગાણા સશસ્ત્ર વિદ્રોહને સત્તાધારી મૂડીદાર વર્ગે નિર્દય રીતે કચડી નાંખ્યો, ઠેર ઠેર કોમી તેમજ ભાગલાવદી રમખાણોએ કબ્જો જમાવ્યો, ભાષાવાદી ચળવળોએ પ્રજાના રહ્યા-સહ્યા નૂરને હણી નાંખ્યું. પ્રગતિશીલ દિશાની ગેરહાજરી તથા દેશના રાજકીય વર્ગની આંધળી સત્તાદોડે પ્રજાને પાયામાલ અને કાયર કરી નાંખી. આ સમય દરમિયાન શેરીનાટક પણ સુષુપ્તાવસ્થામાં જ પડી રહ્યું.

1965ની આસપાસની ફરી ચેતનાનો પવન ફૂંકવો શરુ થયો. પ્રજાને ભાન થવા માંડ્યું કે મળેલ આઝાદી કોની અને કોના માટે છે. પોતાનાં સ્વપ્નોનો ભંગાર જોઇ જનતા છળી મરી, અને ફરીથી આક્રોશ ભભૂકી ઉઠ્યો. કિસાન-મજૂર આંદોલનો, વિદ્યાર્થી આંદોલનો, સ્ત્રીમુક્તિ ચળવળો વગેરે સપાટી પર આવવા માંડ્યાં. ક્રાંતિકારી પરિબળોની આગેવાની નીચે... નક્સલબારીનું આંદોલન છેડાયું. પણ રાજ્ય અને સ્થાપિત હિતોએ એને નિષ્ઠુર રીતે કચડી નાંખ્યું. જો કે આ આંદોલનથી એક ફાયદો જરૂર થયો -ક્રાંતિકારી પરિબળોએ નવેસરથી પોતાના સિધ્ધાંતને મૂલવવાનાં પ્રયત્નો શરૂ કર્યાં. તો બીજી તરફ યોગ્ય દિશાના અભાવે જનતાનો આક્રોશ અન્ય નાનાંમોટાં આંદોલનો દ્વારા અભિવ્યક્ત થવા માંડ્યો. સાતમાં દાયકામાં પુનર્જિવિત થયેલ શેરીનાટકોએ પોતાની કૂચ આવાં આંદોલનો મારફતે ચાલુ જ રાખી. 1977માં સત્તધારી પક્ષે દેશમાં ‘કટોકટી’ જાહેર કરી. આ ગાળા દરમિયાન શેરી નાટક કોઇ પ્રભાવક શસ્ત્ર તરીકે ઉપસી નહોતું શક્યું.

‘કટોકટી’ના અઢી વર્ષોએ જનતાની રહીસહી ભ્રાંતિને નિર્મૂળ કરી નાંખી. મધ્યમવર્ગી બુધ્ધિજીવી વર્ગ સફાળો બેઠો થઇ ગયો, નાગરિક સ્વાતંત્ર્ય માટેની ચળવળો જન્મીને તરત વેગમાં આવવા માંડી. અગાઉથી ચાલી રહેલ શ્રમિક આંદોલનો, વિદ્યાર્થી આંદોલનો, દલિત મુક્તિ તથા સ્ત્રીમુક્તિ આંદોલનોને જનતાની જાગૃતિને કારણે નવો જ વેગ મળ્યો. આ તમામ આંદોલનોએ શેરીનાટકનો બહોળો ઉપયોગ શરુ કર્યો. લગભગ છેલ્લા દાયકામાં શેરીનાટક દેશના ખૂણે ખૂણે પહોંચી ચૂકેલું ‘એજિટ પ્રોપ’ બની ચૂક્યું છે. શેરીનાટ્ય મહોત્સવો તથા શેરીનાટ્ય સંસ્થાઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધવા માંડી છે. શેરીનાટકનાં સિધ્ધાંતો તથા ઉપયોગો વિશે વિવિધસ્તરનાં અભ્યાસો તથા ચર્ચાઓ આકાર લઇ રહ્યાં છે. શેરીનાટકના સ્વીકાર અને ઉપયોગની વાતો છે, એને સાર્થક દિશા તો ક્રાંતિકારી આંદોલન જ આપી શકે, એ જ એનો સાર્થક ઉપયોગ પણ કરી શકે.

આજે દેશમાં ક્રાંતિકારી-વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ ધરાવતી એકપણ રાજકીય પાર્ટી અસ્તિત્વમાં નથી અથવા છે તો એની પાસે સંગીન જનઆધાર નથી, એટલે યોગ્ય જન આંદોલનનો તીવ્ર અભાવ ખૂંચી રહ્યો છે. આનું સીધું પરિણામ એ દેખાઇ રહ્યું છે કે શેરીનાટકનું જહાજ સુકાનના અભાવે દરિયામાં આમતેમ આથડી રહ્યું છે, એ આગળ વધે છે પણ તેની પાસે કોઇ ચોક્કસ દિશા નથી. આ એની નૈસર્ગિક ગતિ નથી જ, એનો સાર્થક ઉપયોગ પણ નથી જ. એ આમ સુકાનવિહોણી દશામાં ક્યાં સુધી આથડ્યા કરશે એ તો આપણે નક્કી કરવાનું છે. જો આપણે-દેશનાં બુધ્ધિજીવીઓ, યુવાનો, વિદ્યાર્થિઓ, કલાકારો, સાહિત્યકારો શ્રમિક જનતાને યોગ્ય દિશાસૂચન પૂરું પાડવા આગળ આવીએ, આપણી સામેનાં વિકરાળ પડકારોને ઝીલી લઇએ. તો જ ક્રાતિકારી આંદોલન યોગ્ય ગતિ અને દિશા મેળવી શકશે અને તો જ શેરીનાટકો પણ પોતાનું સાર્થક્ય પૂરવાર કર શકશે. બાકી આજની જેમ શેરીનાટક... શેરીનાટક રમ્યે રાખવાથી શેરીનાટકનો, ગરીબજનતાનો કે દેશનો કોઇ ઉધ્ધાર થવાનો નથી.

**ઉપસંહારઃ-**

ત્રીજા વિશ્વના દેશોમાં શ્રમિક વર્ગની અવદશા એની પરાકાષ્ઠાને આંબી ગઇ છે. એમના કરતાં વિકસીત મૂડીવાદી દેશોનો શ્રમિકવર્ગ કૈંક સધ્ધર સ્થિતિમાં હોવા છતાં તે દેશોના મૂડીદારવર્ગની સરખામણીમાં તેમની હાલત અત્યંત કરુણ અને ગંભીર છે. વિકસિત સમાજવાદી દેશોમાં શ્રમિક વર્ગની હાલત દેખીતી રીતે અન્ય બંને વિશ્વનાં દેશો કરતાં વધુ સારી લાગે છે, પરંતુ વાસ્તવિકતા કૈંક જુદી જ છે- કેમકે આ દેશોની સમાજવાદી સમાજરચનાના પાટેથી ઉતરી ચૂકી છે, અને ત્યાં કઢંગો મૂડીવાદ પાછલા બારણેથી પ્રવેશી ચૂક્યો છે. ટૂંકમાં, આખીય દુનિયાનો શ્રમિક વર્ગ સાચા ક્રાંતિકારી નેતૃત્વની

રાહ જોતો તૈયાર બેઠો છે. બીજીબાજુ મૂડીવાદી વ્યવસ્થા રોજેરોજ વધુ વૃધ્ધ અને વિકૃત બનતી જાય છે, એ ઘરડા સિંહનો સત્તાનો હુંકાર અશક્ત બની રહ્યો છે.

આ સંજોગોમાં શ્રમિક સંસ્કૃતિનું અનન્ય શસ્ત્ર શેરીનાટક શ્રમિકવર્ગની મુક્તિ માટે સાર્થક સાધન પૂરવાર થઇ શકે એમ છે. જરૂર માત્ર એનો સચોટ ઉપયોગ કરનાર સેનાપતિઓની છે. પ્રવર્તમાન રાજ્ય અને સ્થાપિતહિતોએ એને પોતાના શસ્ત્રાગારમાં અપનાવવાનું શરૂ તો કરી દીધું છે; જો આ જ સ્થિતિ લાંબો સમય ટકશે તો કલાનાં અન્ય સ્વરૂપો તથા સમૂહસંચારના અન્ય માધ્યમોની જેમ શેરીનાટક પણ બૂઠું શસ્ત્ર બની જશે. તેની અસલ શ્રમિકવર્ગની લાક્ષણિકતાઓ ઉપર મૂડીદાર વર્ગની ઝાકઝમાળનો ઢોળ ચઢી જશે અને શસ્ત્ર તરીકે બિનઉપયોગી બની જશે. તે લોખંડને બદલે હીરાની તલવાર બની મ્યુઝિયમમાં ગોઠવાઇ જશે. પરંપરાગત લોકકલાઓની આ સ્થિતિ આજે આપણી નજર સામે છે.

આ પડકારોનો સામનો કરવો કે એના શરણે જવું એ તો આપણે - દુનિયાના તમામ વિદ્યાર્થીઓ, યુવાનો, બુધ્ધિજીવીઓ તથા કલાકારોએ નક્કી કરવાનું છે.

**- હિરેન ગાંધી.**